વડોદરા મહાનગર પાલિકા
વોર્ડ નં.૭(જી)ની કચેરી,
ફતેગંજ, વડોદરા.
તા. ૦૪/૦૬/૨૦૧૯

વડોદરા મહાનગર પાલિકા

www.vmc.gov.in

**પે એન્ડ પાર્કનો ઇજારો જાહેર હરાજીથી આપવા બાબત.**

વડોદરા મહાનગર પાલિકાની માલિકીના અને વહીવટી વોર્ડ નં.૭માં સમાવિષ્ટ (૧) સયાજીગંજ રેલ્વે સ્ટેશન પાસે સુગમ પાર્લર પાછળ અને (૨) અલકાપુરી રેલ્વે સ્ટેશન ગરનાળા તરફ આવેલ સાયક્લ/સ્કુટર(ટુ વ્હીલર) પાર્કિંગ સ્ટેન્ડનો ઇજારો જાહેર હરાજીથી આપવાનો છે. જાહેર હરાજીમાં ભાગ લેવા માટેની ડીપોઝીટ તા.૧૩-૦૬-૨૦૧૯ બપોરે ૩-૦૦ (ત્રણ) ક્લાક સુધી જ વોર્ડ-૭ની કચેરીમાં સ્વીકારવામાં આવશે.

જાહેર હરાજીનું સ્થળઃ- ઉત્તર ઝોન ની ક્ચેરી,ચાણક્યપુરી ચાર રસ્તા પાસે, ન્યુ સમા રોડ, વડોદરા.

જાહેર હરાજીની તારીખઃ- તા.૧૪-૦૬-૨૦૧૯ સવારે ૧૧-૦૦ ક્લાકે

ઇજારાની માસિક અપસેટ વેલ્યુ/ડીપોઝીટની રક્મ સહીત જાહેર હરાજીની શરતો અને અન્ય વિગતો આ જાહેરાત પ્રસિધ્ધ થયે દિન-૨ બાદ વડોદરા મહાનગર પાલિકાની વેબસાઇટ ઉપર જોવા મળી શકશે તથા અરજી ફોર્મ ડાઉનલોડ કરી શકાશે તથા વોર્ડ નં.૭(રેવન્યુ) ની ક્ચેરી, ફતેગંજ, વડોદરાએ કામકાજના દિવસોમાં સવારે-૧૧-૦૦ થી સાંજે ૫-૦૦ ક્લાક સુધીમાં જોવા તથા વાંચવા મળી શક્શે.

પી.આર.ઓ.નં.૧૨૫/૧૯-૨૦ ડે.મ્યુનિ.કમિશનર(ઉત્તર ઝોન)

સહી
ડે.મ્યુનિ. કમિશનર(ઉત્તર ઝોન)
વડોદરા મહાનગર પાલિકા

# વડોદરા મહાનગર પાલિકા

વહીવટી વોર્ડ નં. ૭(જી) ઉત્તર ઝોનની કચેરી, ફતેગંજ વડોદરા.

---

કામચલાઉ ૧૨ માસ માટે હંગામી ધોરણે વડોદરા મહાનગર પાલિકાનીમાલિકીનાં (૧) સયાજીગંજ રેલવે સ્ટેશન પાસે સુગમ પાર્લર પાછળ (૨) અલકાપુરી ગરનાળા તરફ આવેલ સાયકલ/સ્કુટર(ટુ વ્હીલર) પાર્કીંગ સ્ટેન્ડનો ઇજારો જાહેર હરાજી દ્વારા માસિક લાઈસન્સ ફી થી મેળવવા માટે હરાજીની શરતો.

વડોદરા મહાનગરપાલિકાનાં વહીવટી વોર્ડ નં.૭નાં હદ વિસ્તારમાં આવેલ (૧) સયાજીગંજ રેલવે સ્ટેશન પાસે સુગમ પાર્લર પાછળ (૨) અલકાપુરી રેલવે ગરનાળા તરફ આવેલ પે એન્ડ પાર્કનું સાયકલ/સ્કુટર(ટુ વ્હીલર) પાર્કીંગ સ્ટેન્ડનો ઇજારો જાહેર હરાજી દ્વારા મેળવવા દૈનિક અખબાર સંદેશ , દિવ્ય ભાસ્કર તથા ગુજરાત સમાચાર માં તા.૦૪-૦૬-૧૯ ના મંગળવાર ના રોજ જાહેરાત પી.આર.ઓ.નં.૧૨૫/૨૦૧૯-૨૦ થી પ્રસિધ્ધ કરવામાં આવે છે. ઉપરોકત ઇજારા જાહેર હરાજીથી મેળવવા માટેની હરાજીની શરતો નીચે મુજબ છે.

## :- હરાજીની શરતો :-

1. હરાજીમાં ભાગ લેતાં અગાઉ તા.૧૩-૦૬-૨૦૧૯ સુધીમાં ઓફીસ સમય દરમ્યાન નિયત સમયસવારે ૧૧:૦૦ થી બપોર ના ૦૩-૦૦ કલાક સુધીમાં ઓફીસ રીસેષ સિવાય હરાજીમાં ભાગ લેવા(૧) સયાજીગંજ રેલવે સ્ટેશન પાસે સુગમ પાર્લર પાછળ આવેલ પે એન્ડ પાર્ક પ્લોટની ડીપોઝીટની રકમ રૂ.૨,૦૦,૦૦૦/- (૨) અલકાપુરી રેલવે ગરનાળા તરફ આવેલ પે એન્ડ પાર્ક પ્લોટની ડીપોઝીટની રકમ રૂ.૨,૫૦,૦૦૦/- વોર્ડ નં.૭(જી) ની કચેરી, જુની વુડા ઓફીસ, ફતેગંજ ત્રણ રસ્તા પાસે, વિભાગમાં રોકડા/ડીમાન્ડ ડ્રાફ્ટ/પે ઓર્ડર થી ભરપાઇ કરવાની રહેશે.
2. જાહેર હરાજી દ્વારા ઉપર જણાવેલ સ્થળે પે એન્ડ પાર્કના ઇજારા માસિક લાયસન્સ ફી થી હંગામી ધોરણે આપવાના છે. તેનાં સ્થળે વાહનો સાચવવાની વિગત,મીનીમમ માસિક લાયસન્સ ફી,ઇજારાની મુદત, વાહનમાલિકો પાસેથી વસુલ લેવાનાં ચાર્જીસ તથા સમય મર્યાદા નીચે મુજબ છે.
   - ઇજારો ૧૨ માસ માટે આપવાનો છે.
   - ઇજારાની ઓછામાં ઓછી માસિક લાયસન્સ ફી (મીનીમમ અપસેટ વેલ્યુ)
   - (એ) સયાજીગંજ રેલવે સ્ટેશન પાસે સુગમ પાર્લર પાછળ આવેલ પાર્કીંગ સ્ટેન્ડ માટે રૂ. ૧,૨૫,૦૦૦/-
   - (બી) અલકાપુરી રેલ્વે ગરનાળા તરફ આવેલ પાર્કીંગ સ્ટેન્ડ માટે રૂ.૨,૦૦,૦૦૦/-

<u>વાહન માલિકો પાસેથી દૈનિક વસુલ કરવાના ચાર્જીસ નીચે મુજબ છે.</u>

1. સાયકલ દીઠ રૂ.૫/- (દિવસ અગર તેના ભાગ માટે ) તેમજ રૂ.૧૦૦/- માસીક કે તેના ભાગ માટે
2. સ્કુટર દીઠ રૂ.૧૦/- (દિવસ અગર તેના ભાગ માટે ) તેમજ રૂ.૨૦૦/- માસીક કે તેના ભાગ માટે. (સદર પે એન્ડ પાર્કના ચાર્જીસ(દર) દર્શાવતાં ત્રણ સાઇન બોર્ડ પાર્કીંગ પ્લોટ પર જાહેર જનતા વાંચી શકે તે મુજબ મુકવાનાં રહેશે.)
3. પાર્કીંગ સ્ટેન્ડના ઇજારા મેળવવા જે તે સ્ટેન્ડમાં જણાવેલ ઓછામાં ઓછી લાયસન્સ ફી થી ઉપરની રકમ ૧૦૦૦ ના ગુણાંકમાં માસિક લાઈસન્સ ફી તરીકે બોલવાની રહેશે. મીનીમમ લાયસન્સ ફી થી ઓછી રકમ બોલનારની ડીપોઝીટ જપ્ત ફોરફીટ કરવામાં આવશે.
4. જાહેર હરાજી ડે.મ્યુનિસિપલ કમિશનરશ્રી, ઉત્તર ઝોનની ક્ચેરી, ચાણક્ય પુરી ચાર રસ્તા પાસે, ન્યુ સમા રોડ, વડોદરા ખાતે તા.૧૪-૦૬-૨૦૧૯ નાં રોજ સવારે ૧૧-૦૦ કલાકે રાખવામાં આવેલ છે.
5. ડીપોઝીટ ભર્યા સિવાય હરાજીમાં ભાગ લઇ શકાશે નહીં.
6. વાહનોની સાચવણી,નિભાવણી કરવાની જવાબદારી જે તે ઇજારો મેળવનાર ઇજારદાર/સંસ્થા ની રેહેશે. વાહનો ચોરાઇ જાય, કુદરતી કે અકસ્માત રીતે યા આસમાની સુલતાનીથી,નુક્શાન થાય કે શહેરમાં સંજોગોવશાત અશાંત પરિસ્થીતિ ઉભી થાય અને તેવા સમય દરમ્યાન સરકારશ્રી કે પોલીસ કમિશનરશ્રી દ્વારા જે કોઇ નીતિ નિયમો અમલમાં આવશે તે મુજબ તેનો અમલ જે તેઇજારદારે પાર્કીંગ સ્ટેન્ડ માટે કરવાનો રહેશે. તથા તેબાબતે જે કોઇપણ ઇજારદારને આર્થિક નુકશાન થશે વિગેરે કોઇપણ બાબતે જવાબદારી વડોદરા મહાનગર પાલિકાની રહેશે નહીં.
7. ઇજારાની મુદત કબજો આપ્યા તારીખથી ૧૨ માસ પુરતો રહેશે. મુદતમાં વધારો-ધટાડો કરવાની સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.
8. સદર પે એન્ડ પાર્કનાઇજારાની મુદ્દત ઇજારો આપ્યા તારીખથી ૧૨ માસની રહેશે. જેને ઇજારો આપવાનો મંજુર થાય તે ઇસમ /સંસ્થાની જાહેર હરાજીમાં ભાગ લેવા ભરેલી ડીપોઝીટની રકમ ઇજારો પુરી થતાં સુધી અત્રે જમા રહેશે. તેમજ જેનો ઇજારો મંજુર થાય તેણે બે માસની લાઈસન્સ ફી જેટલી રકમ એડવાન્સ જમા કરાવવાની રહેશે. તેમજ ઇજારો શરુ કરવા માટે પ્રથમ માસે લાયસન્સફીની રકમ એડવાન્સ જમા કરાવવાની રહેશે. ઇજારાની મુદતમાં બાકી રહેતાં ૯ માસ માટેના લાયસન્સફીની રકમમાં ૯ **PDC** ચેક એડવાન્સ વડોદરા સ્થીત રાષ્ટ્રીયકૃત બેંકના અત્રે જમા કરાવવાના રહેશે.
9. જાહેર હરાજીમાં સફળ નહીં થયેલ ઇસમોની હરાજીમાં ભાગ લેવા ભરેલ ડીપોઝીટની રકમ દિન-૩૦ ની મુદ્દત બાદ નિયમ મુજબ વગર વ્યાજે પરત કરવામાં આવશે. જે મેળવવા માટે અરજીની સાથે અસલ પાવતી રજુ કરવાની રહેશે.

10. જાહેર હરાજીમાં સફળ થયેલ ઇસમને જરુરી રકમ ભર્યા બાદ કબજો આપવામાં આવશે.
11. જેનો ઇજારો મંજુર થયેલ હ્શે તેને ઇલાયદા પત્રથી જાણ કરવામાં આવશે અને તે પત્રમાં જણાવેલી મુદ્તમાં ડીપોઝીટ/એડ્વાન્સ લાયસન્સ ફી ભરપાઇ નહીં કરે કરાર નહીં કરી આપે તેમજ અત્રે આપવાપાત્ર એડવાન્સ માસિક લાયસન્સ ફી ની રકમના ચેક રજુ કરવામાં નિષ્ફળ જશે તો હરાજીમાં ભાગ લેવા ભરેલી ડીપોઝીટની રકમ જપ્ત(ફોરફીટ) કરવામાં આવશે. અને અન્યને ઇજારો ફાળવી દેવામાં આવશે.
12. હરાજીમાં બોલેલ બોલીની જે રકમ મંજુર થાય તે રકમ માસિક લાયસન્સ ફી તરીકે ગણાશે. જે તે માસની એડવાન્સ લાયસન્સ ફી દર માસે એકથી દશ તારીખ સુધીમાં ભરપાઇ કરવાની રહેશે. દસ તારીખ બાદ વાર્ષિક ૧૮% લેખે વ્યાજની રકમ ઇલાયદા ભરવાની રહેશે. બે માસથી વધુ મુદતની લાઈસન્સ ફી બાકી હશે તેવા ઇસમો/સંસ્થાનો ઇજારો રદ /કેન્સલ કરવામાં આવશે,અને નોટીસ આપ્યા વગર કબજો પરત લઇ લેવામાં આવશે. હરાજીમાંબોલેલ બોલી મુજબ થતી દર માસ ની લાયસન્સ ફીના ઇજારાની મુદત સુધીના રાષ્ટ્રીયકૃત બેંકના ચેકો સહી કરી વિગતો ભરી એડવાન્સમાં વોર્ડ નંબર ૭(જી)ની કચેરીમાં જમા કરાવવાના રહેશે.
13. રુ.૧૦૦/- ના દ્સ્તાવેજી સ્ટેમ્પ ઉપર પરવાના કરારની શરતો પાલન કરવા બાબતનો કરાર કરી આપવાનો રહેશે. અને સાથે બે મકાન માલિકો જામીનો તરીકે આપવાના રહેશે. ઇજારદારના તથા જામીનદારોના તમામના પુરાવા તરીકે વેરા પાવતી,રેશનકાર્ડ તથા પાસપોર્ટ સાઇઝના ફોટા સહી કરેલા આપવાના રહેશે.જો ઇજારદાર બાકી લાયસન્સ ફી ના નાણાં નહીં ભરેતો તે બાકી રકમ વસુલ કરવા ઇજારદારે આપેલ જામીનદારો પાસેથી તથા ઇજારદાર પાસેથી વ્યાજસહ વસુલ કરવા માટે કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે.
14. લાઇટની સુવિધા જે તે ઇજારદારે પોતાના ખર્ચ અને જોખમે લેવાની રહેશે. તથા તેના વિધુતવપરાશનાબીલો તથા મેન્ટેનન્સ જે તે ઇજારદારે પોતાના ખર્ચ કરવાનું રહેશે. જે ઇજારદાર આવા કનેકશન લેવા માંગતા હશે તેને અત્રેથી ફકત એન.ઓ.સી.આપવામાં આવશે.
15. ઇજારાવાળી જગ્યાની અંદર તથા તેની આજુબાજુનો કંમ્પાઉન્ડવોલ,લોખંડની ગ્રીલ,વાયર ફેન્સીંગ ડીવાઇડરના પથ્થરો,રેલીંગને નુકશાન થશે તો તે નુકશાનીની રકમ ઇજારદારની ડીપોઝીટની રકમમાંથી કાપી લેવામાં આવશે.
16. વાહન માલિકો સાથે સભ્યતાથી વર્તન કરવાનું રહેશે અને વાહનોને નુકશાન થાય નહીં તેની કાળજી રાખવાની રહેશે,જરુર પડે ઇન્સ્યુરન્સ જે તે ઇજારદારે/સંસ્થાએ પોતાના ખર્ચે અને જોખમે લેવાનાં રહેશે.
17. સદર પે એન્ડ પાર્કનાચાર્જીસ (દર) નિયમ અનુસાર વસુલકરવાનાં રહેશે. જે નક્કી કરેલા ચાર્જીસથી વધારે ચાર્જીસ વાહનમાલિકો પાસેથી વસુલ કરી શકાશે નહીં અને જો તેમ કરતાં જણાઇ આવશે તો કોઇપણ જાતની નોટીસ આપ્યા સિવાય ઇજારા રદ /કેન્સલ

કરી જગ્યાનો કબજો પરત લેવામાં આવશે.અને તે માટે ઇજારદાર કોઇ નુકશાની કે વળતર માંગી શકશે નહીં. ઇજારદારે ટીકીટના નમુના તૈયાર કરી અને વેરીફાય કરાવ્યા બાદ પાર્કીંગની ટિકીટો છપાવવાની રહેશે. અને તે જ ટિકીટોનો ઉપયોગ ઇજારદાર ઇજારાના સમયગાળા દરમ્યાન કરવાનો રહેશે. તથા વાહન મુકનાર માલિકના ગાડી નંબર વિગેરે માહિતી દર્શાવતું રજિસ્ટર રાખવાનું રહેશે. અને તે વખતો વખત મહાનગર પાલિકાના અધિકૃત અધિકારી માંગે ત્યારે બતાવવાનું રહેશે.

18. મહાનગરપાલિકાના કર્મચારીઓ /અધિકારીઓ પાસેથી કોઇપણ ચાર્જીસ લેવાના નથી. અને આપેલી જગ્યામાં પાર્કીંગ સિવાય કોઇપણ ગેરકાયદેસર પ્રવૃતિ કરવાની નથી. કે પથારા,લારી ગલ્લાના ધંધાદારી દબાણો કરવાના નથી.
19. પાર્કીંગ એરીયામાં કોઇપણ પ્રકારના જાહેરાતના બોર્ડ લગાવી શકાશે નહીં. લારી/ગલ્લા ઉભા કરી શકશે નહીં તેમ કર્યેથી ઇજારો આપોઆપ રદ(કેન્સલ ) થયેલ ગણાશે અને ઇજારાવાળી જગ્યાનો કબજો પરત લઇ લેવામાં આવશે.
20. પાર્કીંગ એરીયામાં વડોદરા મહાનગર પાલિકા એડવટાઇઝીંગ/જાહેરાતના બોર્ડ વિગેરેની પરવાનગી આપશે અને તે અંગેના એડવટાઇઝીંગ ચાર્જીસ વડોદરા મહાનગર પાલિકા વસુલ કરશે.
21. ઉપરોકત શરતો ઉપરાંત હરાજીમાં જે જે શરતો સુચવવામાં આવશે તથા હવે પછી જે જે શરતો સુચવવામાં આવશે તેનો અમલ હરાજીમા ભાગ લેનાર તથા ઇજારદારે સર્વેએ કરવાનો રહેશે.
22. ઇજારો/ઇજારાવાળી જગ્યાનો લાયસન્સનર( મહાનગર પાલીકા)ને પરવાનાની મુદ્દતના સમય દરમ્યાન જાહેર હિતમાં(પબ્લીક ઇન્ટરેસ્ટેમાં) જરુર પડે તેવા સંજોગોમાં દિન-૩૦ની સુચના લાયસન્સીને આપી સદર જગ્યાનો કબજો લાયસન્સનર(મહાનગર પાલિકા ) પરત લઈ શક્શે અને લાયસન્સી તે સંજોગોમાં કોઇ નુક્શાની વળતર કે ઇતર હક્ક અને અધિકારની માંગણી કરી શક્શે નહીં.
23. ઇજારાની મુદ્દતના સમય દરમ્યાન ઇજારદારને/પરવાનેદારને કોઇપણ પ્રકારનું આર્થિક કે અન્ય રીતે નુકશાન થશે તેની કોઇ જવાબદારી મહાનગર પાલિકા સ્વીકારતી નથી. ઇજારો/ઇજારાની સંપૂર્ણમુદત સુધી ઇજારો/ઇજારા ચલાવવાના રહેશે. અને અધવચ્ચે છોડી દેશે તેવા સમયે મહાનગર પાલિકાને ૯૦ દિવસની નોટીસ આપવી પડ્શે અન્યથા વડોદરા મહાનગરપાલિકાને જે નુકશાંન થશે તે નુકશાનીની રકમ ઈજારદાર પાસેથી ઇલાયદા વસુલ કરવામાં આવશે . તથા ભરેલી તમામ પ્રકારની ડીપોઝીટ અને લાઈસન્સફીની રકમ જપ્ત કરવામાં આવશે પરંતુ મહાનગર પાલિકા ઇજારાવાળી જગો જાહેર હિતમાં કે અન્ય કારણોસર જરુર પડશે તો ગમે ત્યારે કબજો/કબજા પરત લેવા હ્ક્કદાર રહેશે. તેમાં કોઇ વાદવિવાદ ચાલશેનહીં.
24. ઇજારો/ઇજારાવાળી જગ્યામાં કામે રાખેલા તમામ કર્મચારીઓને સરકારશ્રીના મીનીમમ વેજીસ એક્ટ અને અન્ય કાયદા પ્રમાણે વેતન ચુકવવાનું રહેશે. આવા કામે રાખેલા

કર્મચારીઓના નામ/સરનામાઓની યાદી મહાનગરપાલિકા વડોદરાને ઇલાયદા સુપ્રત કરવાની રહેશે તેમાં થતાં ફેરફાર/વધઘટની પણ જાણ કરવાની રહેશે. કામે રોકાયેલ કર્મચારીઓને શારીરિક નુકશાન,ઇજા,જાનહાની વિગેરે થશે તેની સારવાર કરવાની વિગેરે તમામ પ્રકારની જવાબદારી ઇજારદારની રહેશે. આ બાબતે મહનગરપાલિકા વડોદરાની કોઇ જ્વાબદારી રહેશે નહીં. તથા કોન્ટ્રાકટ લેબર એકટ હેઠળનું લાઈસન્સ અચુક મેળવી લેવાનું રહેશે. ઇ.પી.એફ.માટે પણ ઇજારદાર જવાબદાર રહેશે. આવકવેરા બાબતે પણ જવાબદારી જે તે ઇજારદારની રહેશે. તદ્દુપરાંત જે ઇસમ/સંસ્થાનો ઇજારો મંજુર થશે તેને માસિક લાઈસન્સ ફી તથા માસિક લાઈસન્સ ફી ઉપર ભરવાપાત્ર **GST** ઇલાયદા દર માસે ભરપાઇ કરવાનો રહેશે તેમજ સરકાર / મહાનગર પાલિકા ના વખતોવખત અમલમાં આવનાર ટેક્ષના નિયમોનું પાલન કરવાનું રહેશે.

**25.** કોઇપણ ઇસમની હરાજીમાં બોલેલી બોલીની રક્મ મંજુર કરવી કે નહીં તેનો આખરી નિર્ણય મ્યુનિસિપલ કમિશનરશ્રી વડોદરા મહાનગરપાલિકાનો રહેશે. અને તેમાં કોઇ વાદવિવાદ ચાલશે નહીં. અને તે નિર્ણય આખરી ગણાશે. આરબીટ્રેટર/લવાદ તરીકે ઇજારાના સમય સુધી મ્યુનિસિપલ કમિશનરશ્રી રહેશે.

**26.** કોઇપણ વિવાદ પ્રસંગે તેવો વિવાદ વડોદરાની કોર્ટના હુકમત હેઠળ કરવાનો રહેશે.

**27.** વડોદરા મહાનગર પાલિકા દ્વારા ઠરાવેલ સુચીત દર કરતાં વધારે દર વસુલ કરવામાં આવે તો ઇજારદારશ્રી પાસેથી તમામ ડીપોઝીટ/ લાઈસન્સ ફીની રકમ જપ્ત કરવામાં આવશે. તેમજ તાત્કાલિક અસરથી ઇજાદારશ્રીનો ઇજારો રદ કરવામાં આવશે.

**28.** ઇજારાદાર દ્વારા પે એન્ડ પાર્કના પ્લોટમાં જાહેર જનતાને વંચાય તથા દેખાઇ તે મુજબના ત્રણ સાઇન બોર્ડ પેઇન્ટ કરી કાયમી ધોરણે લગાવી રાખવાના રહેશે,સાઇન બોર્ડ લગાડેલ ના હોય તે સંજોગોમાં ઇજારાદાર પાસેથીરૂ.૨,૦૦૦/- વહીવટી ચાર્જ પેનલ્ટી તરીકે વસુલ કરવામાં આવશે.

**29.** ઇજારાદાર દ્વારા પે એન્ડ પાર્કના પ્લોટમાં અન્ય કોઇપણ પ્રકારની ધંધાકીય પ્રવૃતિ કરવાની રહેશે નહીં.આ શરતનો ભંગ માટે ઇજારો કોઇપણ નોટીસ આપ્યા સિવાય રદ કરવામાં આવશે.

**30.** જાહેર હરાજી દ્વારા મેળવવામાં આવેલ પે એન્ડ પાર્કના પ્લોટની માસીક ફી ઉપર નિયમ અનુસાર **TCS**ની રકમ પ્રતિમાસ નિયમીત રીતે બેન્ક ઓફ બરોડામાં જમા કરાવી ચલનની કોપી રજુ કરવાની રહેશે.

સહી

આસી.મ્યુનિસિપલ કમિશનર

(ઉત્તર ઝોન)

નામ-

સરનામુ-

ફોન નંબર-

પ્રતિ,
મ્યુનિસિપલ કમિશનરશ્રી,
વડોદરા મહાનગર પાલિકા,
વડોદરા.

**વિષય-** પે એન્ડ પાર્કનો ઈજારો મેળવવા બાબત.
**સદંભ-** પી.આર.ઓ.ન.૧૨૫/૨૦૧૯-૨૦/તા.૦૪-૦૬-૨૦૧૯ની જાહેરાત લગત દૈનિક પેપર

જયભારત સહ ઉપરોક્ત વિષયના અનુસંધાન માં જણાવવાનું કે,અમો/હું આપની ઉપરોક્ત સંદર્ભની જાહેરાતના અનુક્રમ નંબર ........... જેનું સ્થળ ............................................. .................................... છે, તે પાર્કીંગ સ્ટેન્ડ ની જાહેર હરાજીમાં ભાગ લેવા રસ ધરાવીએ છીએ. જેના માટે જરૂરી ડીપોઝીટ ની રકમ રૂ. ......................... અંકે રૂા. ................................ ...................................................... પાવતી નં. ......................................... તા. /૦૬/૨૦૧૯ થી ભરપાઈ કરેલ છે. જે જાણમાં લેવા વિનંતી છે.

અમારા વ્યક્તિગત/સંસ્થાકીય પુરાવા નીચે મુજબ છે.
૧. પાનકાર્ડની વેરીફાઈડ નકલ.
૨. રેશનકાર્ડની વેરીફાઈડ નકલ.
૩. ડ્રાઈવીંગ લાયસન્સ/આધાર કાર્ડ ની વેરીફાઈડ નકલ.
૪. મ્યુનિસિપલ વેરાબીલ ની વેરીફાઈડ નકલ.
૫. ડીપોઝીટ ભર્યાની પાવતીની ઝેરોક્ષ નકલ.
* ઈજારો મેળવવા અંગે ની શરતો ની નકલ આ સાથે મળેલ છે

અરજદાર/સંસ્થાના પ્રતિનિધિની સહી.

.